સુરજપુરા ગામે વૃક્ષારોપણ કરાયું...

હિંમતનગર તાલુકાના સુરજપુરા ગામે સરપંચશ્રી જગદીશભાઈ ભીખાભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અંતિમધામ(સ્મશાન ગૃહ)ની આસપાસ યુવકો દ્વારા રવિવારના રોજ લીમડો, પીમ્પળો, અંબા વગેરે વિવિધ જાતના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ રાવલ સમાજનુ ગૌરવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રાવલ દિવ્યકાન્ત ભાઈ પુરૂષોત્તમદાસ ની પુત્રી ધોરણ-૧૦ SSC ની પરીક્ષા મા ૫૪૬ ગુણ ૯૧ ટકા pr ૯૮.૬૬ મેળવેલ છે તો રાવલ હેત અમિત કુમાર ૫૦૭ ગુણ ૮૪.૫૦ ટકા pr ૯૪.૯૦ બન્ને વિધાર્થીઓએ તેવોની શાળા તક્ષશિલા વિધાલય અમીનપુરનુ તથા રાવલ સમાજ તથા માતા-પિતાનું નામ રોશન કરી ગૌરવ વધાર્યુ છે.

બેટી બચાવો બેટી પઢાવોને લઈને જનજાગૃતિ યાત્રા લઈને નીકળેલ દંપતીનું ધનસુરામાં સ્વાગત...

વડાપ્રધાન ની પ્રેરણા થી રાજસ્થાન ના ડુંગરપુર ના બ્રિજેશકુમાર સોમપુરા અને તેમના પત્ની નીતા સોમપુરા તેમના બે બાળકો સાથે બેટી બચાવો બેટી પઢાવો અભીયાન લઈને નીકળેલ છે તેઓએ રાજસ્થાન બાદ ગુજરાત માં આ અભીયાન શરૂ કર્યું છે તેઓ અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે પહોંચ્યા હતા ત્યારે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું ધનસુરા ના પટેલ ભાવનાબેન, પટેલ હેતાર્થભાઈ અને ગુણવંતભાઈ પટેલ ના પરિવાર ધ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે ધનસુરા તાલુકા પંચાયત ખાતે સરપંચ હેમલત્તાબેન પટેલ સહિત ભાજપ ના આગેવાનો અને હોદ્દેદારો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આઝાદીના અમૃત મહોત્સવ માં ભાગીદારી નિભાવવા માટે આ દંપતીએ બે બાળકો સાથે અનોખી યાત્રા શરૂ કરી છે તેઓએ પોતાની ગાડી ને જાગૃતતા રથ ની જેમ તૈયાર કરાવી છે.જેના પર દીકરી ઓનું મહત્વ દર્શાવતા સૂત્રો પણ લખ્યાં છે. તેઓ યાત્રા માં કન્યા ભ્રુણ હત્યા અને લિંગભેદ રોકવું અને દીકરીઓ ને ભણાવી ને શિક્ષિત બનાવવાની અપીલ કરે છે. આ દંપતી અત્યાર સુધી દસ વર્ષ માં ૩૦૦ થી વધુ જાગૃતતા કાર્યક્રમ કરી ચૂક્યા છે. તેઓ યાત્રા લઈને ધનસુરા આવતા ધનસુરા ના પટેલ ભાવનાબેન, પટેલ હેતાર્થભાઈ અને ગુણવંતભાઈ પટેલ ના પરિવાર ધ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે ધનસુરા તાલુકા પંચાયત કચેરી ખાતે કાર્યક્રમ યોજાયો હતો જેમાં ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, જગદીશભાઈ, પ્રીતિબેન ઠેકડી, દિનેશ ભાઈ, પુષ્પાબેન ઠાકોર, દુષ્યંત પટેલ, બિંકલબેન પટેલ, હસમુખભાઈ પટેલ સહિત ભાજપ ના અગ્રણીઓ એ સ્વાગત કરી આવકાર્યા હતા અને તેમના આ કાર્ય ને બિરદાવ્યું હતું.

સાબરકાંઠાના સરડોઈ ગામનું ગૌરવ

સાબરકાંઠાના સરડોઈ ગામના અને હાલ નરોડા ભાગ્યોદય સોસાયટી ખાતે રહેતા મેહુલસિંહ પુવારના દીકરીબા કુ.માધવી મેહુલસિંહ પુવારે ધોરણ-૧૦માં ૯૯.૩૨ પર્સેન્ટાઈલ સાથે એ-વન ગ્રેડ મેળવી ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કરીને સમગ્ર સમાજનું તેમજ પોતાના ગામનું નામ પણ રોશન કર્યું છે. તેમના આ પરિણામથી શાળા પરિવારમાં પણ આનંદની લાગણી પ્રસરવા પામી છે. કુ. માધવીને આ સિદ્ધિ બદલ શાળા પરિવાર, કુટુંબીજનો તથા સ્નેહીજનો તરફથી અભિનંદન સાથે સુભાષિશ પાઠવવામાં આવ્યાં હતાં.

ડીસાના શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે હવન - ધ્વજા રોહણ કરાયું

ડીસા શહેરના હવાઈ પિલ્લર મેદાન સામે આવેલ ન્યાય મંદિરમાં બિરાજમાન શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે ગુરૂવારે શ્રી ગોગા મહારાજનો હવન અને ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું. શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે શ્રી ગોપાલ સેવા સંગઠન બનાસકાંઠા - ડીસા (ગોપાલ સેના રબારી સમાજ) દ્વારા દર વર્ષે જેઠ સુદ - ૯ (નોમ) ના દિવસે હવન, ધ્વજા રોહણ અને રમેલ યોજવામાં આવે છે. જે અંતર્ગત ગુરૂવારે શ્રી ગોગા મહારાજનો હવન અને ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું. હવનની પૂર્ણાહુતિ પ્રસંગે ગોપાલ સેનાના સ્થાપક પ્રમુખ નરસિંહભાઈ જોટાણા, શ્રી ગોગા મહારાજના ભુવાજી દેવજીભાઈ રોઝ (પાલનપુર), એડવોકેટ ગંગારામભાઈ પોપટ, શાસ્ત્રી કિશોરભાઈ દવે, બનાસકાંઠા જીલ્લા ભાજપ મહામંત્રી કૈલાશભાઈ ગેલોત (એડવોકેટ), હિનાબેન ઠક્કર સહિત ગોપાલ સેનાના સ્વંય સેવકોએ હાજર રહી હવનમાં આહુતિ આપી હતી. આ ઉપરાંત ગોપાલ સેના રબારી સમાજ ડીસા દ્વારા રબારી સમાજના યુવા આગેવાન નરસિંહભાઈ જોટાણા (બાઈવાડા) ની ગોળતુલા કરવામાં આવી હતી. જે ગોળ હઠીલા હનુમાનજી મંદિર ખાતે આવેલ ગૌશાળાની ગાયોને ખવરાવવામા આવ્યો હતો. શ્રી ગોગા મહારાજના મંદિર ખાતે દર્શનાર્થે આવતા ભાવિક ભક્તોને ચોખ્ખા ઘીનો શીરો મહાપ્રસાદ રૂપે આપવામાં આવ્યો હતો.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પ્રિ-મોન્સૂન પ્લાન કાગળ ઉપર : મોટા ભાગનાં ગરનાળાંમાં સાફ સૂફીનો અભાવ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચોમાસા અગાઉ પ્રિ-મોન્સૂન પ્લાનના આયોજન અંગે તંત્ર દ્વારા બેઠકો યોજવામાં આવી હતી અને પાણી નિકાલ માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની સાથે પાણી નિકાલ માટે અવરોધ રૂપ એવાં ગરનાળાં, નિકોની સંપૂર્ણ સફાઈ કરવા જવાબદાર વિભાગોને તાકીદ કરાઈ હોવા છતાં આયોજન મીટીંગને એક મહિનો પૂરો થયો છે છતાં પ્રિ-મોન્સૂન પ્લાનનો કોઈપણ જગ્યાએ અમલ થયો હોય તેવું હાલ દેખાતું નથી. જ્યારે પાણી નિકાલમાં અવરોધરૂપ બનનારા ગરનાળાંની સાફ સફાઈ કરવામાં નહીં આવે તો ચોમાસા દરમ્યાન ૨ થી ૩ ઈંચ વરસાદ ખાબકશે તો અનેક વિસ્તારો જળબંબાકાર બનવાની સાથે ધંધા-રોજગારને નુકસાન પહોંચાડશે તેવી દહેશત પ્રવર્તિ રહી છે.

પાણી નિકાલ માટે સફાઈ નહીં કરાય તો અનેક વિસ્તારો જળબંબાકાર બનવાની સંભાવના

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ કાળઝાળ ઉનાળામાં મૂંગા પશુઓ માટે સૂકા ઘાસચારાની વ્યવસ્થા ઉભી કરી ન હોઈ તંત્ર સામે પ્રજામાં જબ્બર આક્રોશ આજે પણ પ્રવર્તિ રહ્યો છે. ઉનાળામાં પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કરવામાં પાછી પાની કરનારૂ તંત્ર ચોમાસુ દોઢ મહિના જેટલું છેટું હતું ત્યારથી જ પ્રિ-મોન્સૂન પ્લાનના આયોજનમાં પડ્યું હતું. જ્યારે પ્રિ-મોન્સૂન પ્લાન અંતર્ગત જિલ્લાના વહીવટી તંત્રએ તાલુકા મથકોએ બેઠકો યોજી ચોમાસા દરમ્યાન પાણીનો ત્વરીત નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા તથા જે ગરનાળાં, નિકો, સાંકળાં પૂલિયામાં કચરો ભરાયો હોય તે સાફ કરી વરસાદી પાણીના નિકાલમાં કોઈપણ પ્રકારનો અવરોધ ઉભો ન થાય તે પ્રકારનું આયોજન કરવા જણાવ્યું હતું. પરંતુ જિલ્લાનું વહીવટી તંત્ર માત્ર આદેશ જ કરે છે પરંતુ તેનું પાલન થાય છે કે કેમ તેનું કોઈ પણ પ્રકારનું મોનિટરીંગ થતું ન હોવાનું છેલ્લી સ્થિતિઓ ઉપરથી દેખાઈ રહ્યું છે. જિલ્લામાં જૂન માસનું સપ્તાહ પુરું થયું તેમ છતાં પ્રિ-મોન્સૂન પ્લાન અંતર્ગત કરવા યોગ્ય કામો હજુ સુધી થયા નથી અને અનેક ગરનાળાં તથા નિકો સાફ સફાઈના અભાવે વરસાદી પાણીના નિકાલને મોટા પાયે અવરોધશે તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મામાં અનેક ગરનાળાં અને નિકો સાફ સૂફ થયા નથી જેથી ગમે ત્યારે ધોધમાર વરસાદ વરશે ત્યારે જળબંબાકારની સ્થિતિ નિર્માણ પામશે અને અનેક દુકાનો તથા મકાનોમાં પાણી નિકાલના અભાવે પાણી ભરાઈ જવાથી મોટી મિલ્કત નુકસાન થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જિલ્લા કલેક્ટર દ્વારા પ્રિ-મોન્સૂન પ્લાનનો અમલ જે વિસ્તારોમાં નબળો થયો છે તે વિસ્તારોના જવાબદારો સામે ઉચિત પગલાં ભરાય તો જ કાગળ ઉપરનો પ્રિ-મોન્સૂન પ્લાન રીયલમાં સફળ પૂરવાર થશે.

સાબરકાંઠા-અરજલ્લી જિલ્લામાં ટ્રાફીક બ્રિગેડ-પોલીસ ટ્રાફીક સમસ્યા હલ કરવામાં નિષ્ફળ

ટી.આર.બી.ના જવાનોને વાહન ચાલકો ગાંઠતા નથી..!!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના તાલુકા મથકો ઉપર ટ્રાફીકનું સુચારૂ ઢબથી નિયમન થાય તે માટે ટ્રાફીક બ્રિગેડના જવાનો(ટી.આર.બી.) મૂકાયા પછી ટ્રાફીકની સમસ્યા મહદ અંશે હલ થશે તેમ માનવામાં આવતું હતું પરંતુ તાલુકા મથકો ઉપર આજે પણ પોલીસ અને ટી.આર.બી.ના જવાનોની હાજરી વચ્ચે ટ્રાફીક સમસ્યા જૈસે થે બની રહેતાં મોટા ભાગના તાલુકા મથકો ઉપર આડેધડ વાહન પાર્કીંગથી ટ્રાફીકની સમસ્યા જટીલ બની રહી છે. જિલ્લામાં મોટા ભાગના વાહન ચાલકો ટ્રાફીક સેન્સને નેવે મૂકી આડેધડ વાહનો પાર્ક કરી દેતા હોવાથી ખાસ કરીને તાલુકા તેમજ શહેરી મથકો ઉપર ટ્રાફીકની સમસ્યા વિકરાળ બનતાં જિલ્લામાં પોલીસને સહયોગ આપવા માટે અને ટ્રાફીકનું વ્યવસ્થિત નિયમન થાય તે હેતુસર ટ્રાફીક બ્રિગેડના ૩૦૦ જેટલા જવાનો મૂકવામાં આવ્યા છે. પરંતુ મોટા ભાગના વિસ્તારોમાં ટ્રાફીકની સમસ્યા સુધરવાને બદલે વધુ ગંભીર બની રહી છે. જિલ્લાના તાલુકા મથકો ઉપર વાહનોની સતત અવર જવર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પ્રજા ખરીદી અર્થે આવતી હોવાથી મોટા ભાગના માર્ગો પર ભારે ચહલ પહલ રહેતી હોવા છતાં કેટલાક વાહન ચાલકો ટ્રાફીકને અડચણરૂપ વાહનો પાર્ક કરી ચાલતી પકડતા હોય છે અને ટ્રાફીક બ્રિગેડના જવાનો વાહન હટાવવા બાબતે રજૂઆત કરે તો પણ કેટલાક વાહન ચાલકો ટી.આર.બી.ના જવાનોને પણ ગાંઠતા ન હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જિલ્લામાં ટી.આર.બી.ના જવાનો મૂકાયા પછી પોલીસે ટ્રાફીકની સમસ્યાથી હાથ ઉંચા કરી લીધા હોય તેમ મોટા ભાગના વિસ્તારોમાં પોલીસ અને ટ્રાફીક બ્રિગેડની હાજરી વચ્ચે ટ્રાફીક સમસ્યા માથાના દુઃખાવા રૂપ બની રહી છે.

ઈડર ખાતે ગુજરાત નર્મદા વૈલી ફર્ટી એન્ડ કેમિકલ્સ લી. મહેસાણા દ્વારા શિબિર યોજાઈ

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે ગુજરાત નર્મદા વૈલી ફર્ટી એન્ડ કેમિકલ્સ લી.મહેસાણા કાર્યાલય દ્વારા રાસાયણિક ખાતર વિક્રેતાઓની શિબિર યોજાઈ.

ઈડર ખાતે ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશિના, વડાલી, તેમજ, ભિલોડા તાલુકા આશરે ૧૩૦ સહકારી મંડળી ના સેક્રેટરીઓ તેમજ ખાતર વિક્રેતાઓએ હાજરી આપેલ જેમા ઉપસ્થિત અધિકારીઓ દ્વારા દિપ પ્રાગટ્ય બાદ મહેમાનોનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ જયારે સાબરકાંઠા-અરવલ્લી કંપની ના ઈન્ચાર્જ એચ.સી.દવે દ્વારા જિલ્લા મા ગતવર્ષ મા થયેલ ખાતર વિતરણ તેમજ કંપની દ્વારા નિર્મિત ઓર્ગેનિક લીંબોળી ખોળ, સીંટી કોમ્પોસ્ટ તેમજ લીંબોળી તેલ વિશે વિસ્તૃત જાણકારી પૂરી પાડેલ તો કંપનીના એરિયા મેનેજર એસ.કે.કોઠારી દ્વારા કંપની દ્વારા ઉત્પાદિત નર્મદાફોસ , નર્મદાયુરિયા વિષે વિસ્તાર થી માહિતી આપેલ તેમજ બજાર માં વેચાતા હલકી ગુણવત્તા યુક્ત

ખાતરોથી અળગા રહેવા વિક્રેતાઓને આહ્વાન કરેલ તેમજ કંપનીના વિવિધ ઓર્ગેનિક ઉત્પાદનો જેવા કે નીમ સાબુ , નીમ શેમ્પુ, હેન્ડવોરા તેમજ ફેસવોશ જેવી વસ્તુઓનો ઉપયોગ કરવા અપીલ કરેલ કંપનીના રાજયના વડા જી કે. પટેલ દ્વારા રાસાયણિક ખાતરોની પ્રવર્તમાન પરિસ્થિતિ, દેશ લેવલે પડતર કિંમત તેમજ કાર્યક્ષમ ઉપયોગ વિશે જાણકારી આપેલ ઉપસ્થિત વિક્રેતાઓને ઓગાતરૂ આયોજન કરી ખાતરોને સંગ્રહ કરી POS મશીન દ્વારા જ ખાતર વિતરણ કરવાની ભલામણ કરેલ તેમજ યુરિયા જેવા ખાતરોનો ખેતિ સિવાય અન્ય ઉપયોગ ન થાય તે માટે તકેદારી રાખવા સૂચન કરેલ સરકાર ના સંયુક્ત ખેતી નિયામક ઉપાધ્યાય દ્વારા સરકાર ના નિયમ મુજબ જ ખાતરોનો સંગ્રહ કરી વેચાણ કરવા ઉપર ભાર મુકેલ ગુજરાત એગ્રો ગાંધીનગર ના ડીવીઝનલ મેનેજર અશ્વિન પટેલ દ્વારા કંપનીના સહકાર બદલ તેમજ ખાતરોના અવિરત સપ્લાય માટે કંપનીનો આભાર વ્યક્ત કરેલ તો ગુજકોમાલસોલ ના ઓફિસર અક્ષય પટેલ તેમજ જિલ્લા સંઘ હિંમતનગર ના મેનેજર દ્વારા યોજાતા ખેડૂત લક્ષી કાર્યો માટે કંપનીનો આભાર માની કંપની નાં તમામ ઉત્પાદનોને ખેડૂત સુધી પહોચાડવા આગ્રહ કરેલ જયારે કંપનીના ખેડબ્રહ્મા પ્રતિનિધી ભુપેન્દ્ર પટેલ દ્વારા ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરવામા આવેલ સમગ્ર સભાનુ સંચાલન ઈડર ખાતેના પ્રતિનિધી કૌશિક પટેલ દ્વારા સફળતા પૂર્વક કરવા આવ્યુ હતુ.

ભાવમાં ભેદભાવ...!

પાલનપુરમાં સીએનજી ગેસમાં કિલોએ ૨ રૂપિયા વધુ લેવાય છે..!

જ્યાં માત્ર સીએનજી ગેસ મળે છે ત્યાં ગેસનો ભાવ ૮૪ જ્યારે જ્યાં પેટ્રોલ કે ડીઝલપંપ સાથે હોય ત્યાં ૮૬ રૂપિયા લેવાય છે..!

પાલનપુર તા. ૯

પાલનપુરમાં સીએનજી પેટ્રોલ પમ્પ પર ગેસના ભાવમાં ભેદભાવ ભરી નીતિ પાછલા કેટલાક દિવસોથી જોવા મળી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,શહેરમાં સીએનજી ગેસમાં ક્યાંક કિલોએ ૨ રૂપિયા વધુ લેવાઈ રહ્યા છે. જ્યાં માત્ર સીએનજી ગેસ મળે છે ત્યાં ગેસનો ભાવ ૮૪ જ્યારે જ્યાં પેટ્રોલ કે ડીઝલપંપ સાથે હોય ત્યાં ૮૬ રૂપિયા લેવાય છે. એકજ કંપનીના ૨ ભાવના લીધે વાહન ચાલકો પણ નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

પાલનપુર શહેરના એરોમા સર્કલ સ્થિત આવેલા એમ એ માસ્ટર પંપ પર સીએનજી ગેસનો ભાવ ૮૬ રૂપિયા છે. જ્યારે ત્યાંથી થોડેક દૂર આરટીઓ સર્કલ પાસેના અને જગાણા પાસેનૌ ઈસ સીએનજી ગેસના કંપની પંપ પર ૮૪ રૂપિયાના ભાવે પ્રતિ કિલોએ ગેસ અપાય છે. દિવ્યભાસ્કર એ જ્યારે શહેરના લાલાવાડા, ચડોતર સહિત તમામ

સીએનજી પંપ પર ખરાઈ કરી તો તમામ જગ્યાએ ૮૬ રૂપિયાના ભાવ જોવા મળ્યા હતા.

જે અંગે સીએનજી ગેસ પુરાવવા આવતા વાહન ચાલકોએ જણાવ્યું હતું કે અમે ૨ રૂપિયા પાછળ નથી જોતા પરંતુ જ્યાં ભીડ ઓછી હોય ત્યાં પુરાવી દઈએ છીએ. અગાઉ બાકી વધેલા પૈસા પણ પાછા મળતા નહોતા હવે ગૂગલ પે કરી દઈએ છીએ. આ બાબતે બ.કા. પેટ્રોલ પંપ એસો.ના ભરતભાઈ ત્રિવેદીને પૂછતા જણાવ્યું હતું કે " આ રીતે વધુ ભાવ કંપની દ્વારા લઈ શકાય નહીં. ગેસના પંપ પર પેટ્રોલ પંપ સંચાલકની કોઈ દરમિયાન ગીરી હોતી નથી, એમનો તમામ વહીવટ અલગ હોય છે. એકજ કંપની હોવા છતાં બે ભાવ કેમ લેવાય છે તે અંગેઈસ સીએનજી ગેસ કંપનીના કર્મીઓને પૂછતા તેમણે જણાવ્યું હતું કે " ભારત સરકારની ઓઈલ કંપનીઓના ભાવો બાબતે કોર્ટમાં જજમેંટ પેંડિંગ છે. ભાવોની બાબત ટેકનિકલ મેટર છે અગાઉ ૯૦ રૂપિયે ખરીદી ૮૦ રૂપિયે કિલો ગેસ વેચેલો છે."

જન્મદિને વધામણી

પ્રિશા (ગોપી) પારસભાઈ વ્યાસ

નુપૂરના ઝીણા મીઠા અવાઝની સામે વિરોધ...તો તામિલનાડુમાં રાષ્ટ્રધ્વજનું અપમાન કરાયું તેનો વિરોધ કેમ નહિ?

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...???

બાયડ તા.૯

નૂપુર શર્માના નિવેદન ઉપર હોબાળો મચાવનાર મુસ્લિમો લોકો સાચા કે ખોટા એ પછીની વાત છે પણ 'તામિલનાડુના તાંજોરમાં મુસ્લિમ અસંતુષ્ટઓએ રસ્તા ઉપર ભારતનો તિરંગો દોરીને તેમના ઉપરથી ફરજિયાતપણે લોકોને વાહનો હંકારવા મજબૂર કર્યા!!' શુ મુસ્લિમ અસંતુષ્ટઓનો આ ગુન્હો નૂપુર શર્માના ગુન્હા કરતા નાનો છે??? નૂપુર શર્માનો ખૂબ વિરોધ થયો કે તેણે નુપૂરનો આવાઝ કાઢ્યો પણ રાષ્ટ્રધ્વજનું અપમાન થતું હોય તો તેનો વિરોધ ઢોલ પીટીને કેમ ના થાય??

કોઈપણ સંપ્રદાય હોય પણ તેનાથી મોટો રાષ્ટ્રધર્મ હોય.... 'પહેલા દેશ અને પછી બીજું બધું!!!' પોતપોતાના સંપ્રદાય પ્રત્યેની આસ્થા કે શ્રદ્ધા કાયમ રહેવી જોઈએ પણ ભારતીયો માટે ભારત ઉપર અને તિરંગા ઉપર ભરોસો ના રહે તો તેમણે ભારત છોડી દેવું જોઈએ અથવા સરકારે તેમનું નાગરિકત્વ છીનવી લેવું જોઈએ... નૂપુર શર્માએ કોઈપણ સંપ્રદાયની લાગણી દુભાય તેવું ના બોલવુ જોઈએ એ સાચું પણ મુસ્લિમ અસંતુષટો તિરંગાને પગ નીચે કચડતા હોય તે સાચું અને સારું છે???

'તિરંગા' નું સરેઆમ અપમાન તાંજોરમાં (તામિલનાડુ) કરવામાં આવ્યું...હાથમાં લીલા ઝંડાઓ અને પાકિસ્તાનના ઝંડા લઈને દેકારો કરતા કેટલાક મુસ્લિમ અસામાજિક તત્વોને સજા કેમ ના થવી જોઈએ? 'શુ સંપ્રદાયિક ઝંડાથી "તિરંગો" નાનો અને હલકો છે??' એકપળનો પણ ન્યાયપાલિકાએ સમય બગાડ્યા વગર આવા દેશવિરોધી તત્વોને દેશવટો આપતી સજા ફરમાવવી જોઈએ!!

"તિરંગો" છે એટલે આપણે છીએ... 'તિરંગો જ આપણી મા છે અને તિરંગો જ આપણો બાપ છે...' તિરંગાને પગ નીચે કચડવાની બેશરમ કોશિશ આ લોકોએ કરી છે... ટીવી ઉપર ડિબેટ કરવાવાળા નૂપુર ના ઝાંઝરના અવાજને મોટો કરી ખોટો સાબિત કરી રહ્યા હતા તે લોકો તિરંગાનું અપમાન જોઈને ચૂપ કેમ બેઠા છે?? 'શા માટે ઢોલ વગાડીને તિરંગાનું અપમાન કરનારાઓનો વિરોધ નહિ...?' જનતા જવાબ માંગે છે...

જાંબુડી હાઈસ્કુલનુ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ ૯૭% પરિણામ...

ગાંભોઈ, તા.૯

હિમતનગર તાલુકાની શ્રી કોટડિયા જે.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, જાંબુડી (રામપુર) નુ HSC ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ માર્ચ-૨૦૨૨નું પરિણામ ૯૭ % આવેલ છે. શાળામાં પ્રથમ નંબરે મકવાણા જિગલ નિમેશભાઈ(૮૭%), દ્વિતિય નંબરે રાવળ મમતા રાજેન્દ્રકુમાર (૮૫%), તૃતિય નંબરે રબારી રીયા નાથાભાઈ(૮૨%) ગુણ મેળવતા શાળા આચાર્યશ્રી અજયસિંહ ચંપાવત તેમજ શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

માલપુર લેઉવા પટેલ સમાજ વિકાસ મંડળ : યુવાની અવઢવથી ઉત્સવ સુધી એક પ્રેમાળ ગોષ્ઠી નામનો અનોખો પરિસંવાદ યોજાશે

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લાના માલપુર લેઉવા પટેલ સમાજ વિકાસ મંડળ દ્વારા સમાજના ઉથ્થાન અને અભ્યાસ તેમજ વીવીધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે ત્યારે શનિવારે સાંજે તખતપૂર સમાજવાડી ખાતે સમાજના યુવાન અને મહિલાઓ માટે જાણીતા વ્યક્તા નેહલ ગઢવી દ્વારા યુવાની અવઢવથી ઉત્સવ સુધી એક પ્રેમાળ ગોષ્ઠિ અંતર્ગત યુવાનો અને મહિલાઓ સાથે અનોખો પરિસંવાદ કરશે.

પ્રાંતિજના ધડકણ પાસે ટ્રક અને ઈકોકાર વચ્ચે અકસ્માત

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા તલોદ રોડ ઉપર રાત્રીના સમયે ટ્રક અને ઈકોકાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા ઈકોકાર બે થી ત્રણ ગુલેટી ખાઈ રોડ ની સાઈડ મા આવેલ ખેતરમા જઈ પડી હતી તો ઈકોકાર સવાર પતિ-પત્ની અને બે વર્ષ ની બાળકીનો આબાદ બચાવ થયો હતો

પ્રાંતિજ ના મજરા-તલોદ રોડ ઉપર ધડકણ નજીક રાત્રીના સમયે ઊઁ પેટ્રોલપંપ નજીક ટ્રક નંબર ય્ત૧૮છ૬૬૩૮૧ નો ચાલક ફુલફાસ્ટ બેદરકારી રીતે હંકારી લાવી રોડની સાઈડ મા જતી ઈકોકાર નંબર ય્ત૦૯મ્ઈ૦૮૨૦ ને ટક્કર મારી હતી તો ટ્રક ની ટક્કર થી ઈકોકાર રોડની સાઈડ મા આવેલ ખેતર મા બે થી ત્રણ ગુલેટી ખાઈ ગઈ હતી જયારે ઈકોકાર મા સવાર પતિ પટેલ દેવેન્દ્રભાઈ રણછોડભાઈ ઉ.વર્ષ-૩૮ તથા તેમની પત્ની મમતાબેન દેવેન્દ્રભાઈ ઉ.વર્ષ-૩૮ તથા તેવોની પુત્રી પટેલ કિશા દેવેન્દ્રભાઈ ઉ.વર્ષ-૨ નો અકસ્માત મા આબાદ બચાવ થયોહતો તો દેવેન્દ્રભાઈ ને નાની ઈજાઓ પહોચતા તેવોને ગાંધીનગર ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો ટ્રક ચાલક અકસ્માત સર્જીને ટ્રક મુકીને ઘટના સ્થળ ઉપર થી ભાગી ગયો હતો.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય રસ્તાઓની સ્વર્ણિમ સમસ્યા: બળદ ગાડુ સામુ મળે તો એસ.ટી. બસ ઉભી થઈ જાય..!!

હિંમતનગર તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગામડાંના રસ્તાઓનું કોઈ જ રણી ધણી ના હોય તેમ ગાંડા બાવળોથી ઘેરાયેલા રસ્તાઓ ઉપર દબાણો થઈ જતાં સાંકળા નાળીયા જેવા રસ્તાઓ ઉપર એસ.ટી. બસની સામે જો બળદ ગાડુ આવી જાય તો બસના ડ્રાઈવરે ન છૂટકે બસને રોડની સાઈડમાં ઉભી કરી દેવી પડે છે. રસ્તાઓ સુધારવા માટે વર્ષે દાડે જવાબદારતંત્ર ચાંપડે લાખોના ખર્ચા ઉધારતું હોય છે પરંતુ જિલ્લાના મોટા ભાગના ગ્રામ્ય રસ્તાઓની સમસ્યા જૈસે થે જોવા મળી રહી છે.

રાજ્ય સરકાર ગામડાંની કાયાપલટ કરવાના હેતુસર વિકાસના કામોને પ્રાધાન્યતા આપી રહી છે પરંતુ કહેવાતા વિકાસમાં ગામડાંના રસ્તાઓને મહત્વ અપાયું ન હોય તેમ આજે પણ અંતરીયાળ ગામડાંના રસ્તાઓ ખખડધજ જોવા મળી રહ્યા છે. જ્યારે કેટલાક રસ્તાઓ પર દબાણો થઈ જવાથી અનેક રસ્તાઓ સાંકડા નાળીયા જેવા બની રહ્યા હોવાથી બે વાહનોને સામસામે પસાર થવામાં પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. જ્યારે મોટા ભાગના રસ્તાઓની આસપાસ ગાંડા બાવળોનું સામ્રાજ્ય પથરાઈ જતાં ક્યારેક સામેથી એસ.ટી. બસ આવતી હોય અને ટુ વ્હીલર ચાલકે પસાર થવાનું થાય ત્યારે ગાંડા બાવળો શરીર પર ઉજરડા પાડી દેતા હોય છે આ સિવાય છેલ્લા કેટલાય સમયથી ગ્રામ્ય રસ્તાઓ પરના દબાણો દુર કરવામાં ન આવતાં અનેક રસ્તાઓ સાંકડા નાળીયા જેવા બની રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા રસ્તાઓ આસપાસના દબાણો તથા ગાંડા બાવળોના સામ્રાજ્યને દૂર કરાય તો જ ગામડાંના રસ્તા પર સલામત મુસાફરી થઈ શકે તેમ છે.